# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/401 Dt. 15/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ધો. ૧૦ અને ૧૨ પછી શું?, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નિષ્ણાત ફેકલ્ટી દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુસર કારકિર્દી માર્ગદર્શન મહોત્સવનું આયોજન કરાયું છે. આ મહોત્સવ અંતર્ગત સોમવાર, તા. ૧૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન વિભાગના હેડ અને એસોસિએટ પ્રોફેસર ડો. પુષ્પલ દેસાઇ દ્વારા વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ અને ૧૨ પછી ઉપલબ્ધ વિવિધ કારકિર્દી વિકલ્પો, અભ્યાસક્રમો અને ભવિષ્યની તકો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ડો. પુષ્પલ દેસાઇએ જણાવ્યું હતું કે, આજના સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓએ પોતાની રૂચિ, ક્ષમતા અને ભવિષ્યની તકોને ધ્યાનમાં રાખીને યોગ્ય કારકિર્દી પસંદ કરવી ખૂબ જ આવશ્યક છે. તેમણે વિદ્યાર્થીઓને પરંપરાગત કોર્સ ઉપરાંત નવી ઊભરી રહેલા ક્ષેત્રો જેવા કે મેનેજમેન્ટ, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, ડિઝાઇન, પેરા મેડિકલ, સ્કિલ આધારિત કોર્સિસ અને સ્ટાર્ટઅપ તકો અંગે પણ વિગતવાર માહિતી આપી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ટેકનોલોજી અને ડિજિટલ ક્ષેત્રમાં વધતી માંગને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓએ નવી સ્કિલ્સ વિકસાવવી અને સમય સાથે પોતાને અપડેટ રાખવું પણ ખૂબ જ જરૂરી છે. યોગ્ય માર્ગદર્શન અને

સમયસર લેવાયેલા નિર્ણયથી વિદ્યાર્થી પોતાના કરિયરમાં સફળતા હાંસલ કરી શકે છે. સાથે જ વિદ્યાર્થીઓને પોતાના લક્ષ્ય પ્રત્યે સ્પષ્ટતા રાખવી અને સતત મહેનત તથા આત્મવિશ્વાસ સાથે આગળ વધવું જરૂરી છે.

ચેમ્બર ઓફ કોમર્સના એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાણીએ સ્વાગત સંબોધન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ માટે પ્રશ્નોતરી સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ પોતાના પ્રશ્નો પૂછીને યોગ્ય માર્ગદર્શન મેળવ્યું હતું.